


"ઓ હો... બહુ મુડમાં છો ને ?!"

'હા... સાહેબ, આજે તો મુડમાં જ હોઈએ ને."

"આપણા ગાંધીનગરનો જન્મ દિવસ છે."

"ખરૂ છે હોં... ગાંધીનગર એક જ એવું નગર છે કે જેની ઓળખ કાળક્રમે બદલાતી જ રહી."

"એટલે..."

"...ગાર્ડનસીટી... ફલાવર સીટી...ગ્રીનસીટી... સોલારસીટી... અને હવે સ્માર્ટ સીટી..."

"આ તો હરી તારા હજાર નામ જેવું થયું."

"કશું પુરૂ ના થયુ અને છતાંય બધા વળગણ જોડાયેલા જ રહ્યાં."

"જે હોય તે... ગાંધીનગર એટલે ગાંધીનગર."

"સાચુ કહું... ખોટુ ના લગાડતા..! સારા દિવસે ઘસાતુ ના બોલાય તે હું ય જાણું છુ... પણ સાચી વાત તો ઘરના જ કહે ને ?!"

"હા કહી નાખો... તમારો સ્વભાવ છે તે ઓછા છોડશો... કોં'...કોં..."

"ભારત સરકારે સ્માર્ટસીટીની જાહેરાત કરી તે સો ટકાની વાત... પણ ગંદકી-દબાણ અને રખડતા ઢોર... માથાના દુઃખાવા સમાન છે... આ તો સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું થયું ને..!!"

"હા...હા...કો' વાંક દેખાઓને તો આજ દેખાશે."

"એવું નહીં ભાઈ... આ તો સાચું કહીએ એટલે મરચા લાગે છે... વન વિભાગની આરક્ષિત જગ્યાઓ કચરા માટેની ડમ્પીંગ સાઈડ છે...! જોયું છે કદી..?! અરે તમે શહેરમાં પ્રવેશ કરો... શાહપુર ચોકડીથી બ્રીજ સુધીના માર્ગ ઉપર ઉકરડા લાગે છે... ઉકરડા..! અને પેલા નવા ગાંધીનગરના સર્વિસ રોડ જુઓ કે સેક્ટરના ખુણાઓ જુઓ... ગંદકી એ ગંદકી જ છે..! મને એ બતાવો કે કયા સેક્ટરમાં ઝુંપડા નથી અને ક્યા રખડતા ઢોર નથી..?!"

"હા...કોં' હજી કંઈ કહેવાનું બાકી રહેતું હોય તો."

"આ તમારો નવો ફતવો સાંભળ્યો.. કે ઢોરવાડો રીપેર નહીં થાય ત્યાં સુધી રખડતા ઢોર નહીં પકડાય..! આ તો કેવું થયું કે પોલીસ ઓછી છે એટલે ચોર નહીં પકડાય..! હવે તમે કો' તો અમે સ્માર્ટસીટી કહીએ... બાકી તો અમારે ગાંધીનગર."

"બસ હવે કંઈ બાકી રે'છે કંઈ સંભળાવવાનું ?!"

"સાંભળવું જ છે...?! તો સાંભળો... સેક્ટર-૧૭માં ડોમ બને પીસ્તાલીસ વરસ થયા હજી અધિકારીઓ ગોથા ખાય છે કે શેના માટે બનાવ્યો તો..?! હવે શું કરવું..?! પેલા રંગમંચ દારૂ-જુગારની પ્રવૃત્તિના સલામત સરનામા છે..!"

"...બસ હવે રહેવા દો... આજે તો આપણે ઉજવીએ જન્મદિવસ..."

"ખોટું ના લગાડતા... આ તો ભલા માટે જ બધી વાત કરી... બાકી તો ગાંધીનગરને તો અમે ખુબ પ્રેમ કરીએ છીએ... અમને ખુબ ગમે છે.. પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વૈભવમાં ઉછળતા આ શહેરને દરેક નગરજનો દિલથી ચાહે છે..."

"માત્ર પ્રેમ કરવાથી નહિં ચાલે ભાઈ આજે જ શહેરના જન્મદિવસે દરેક નાગરિક સ્વચ્છ ગાંધીનગરના સંકલ્પનો સૈનિક બની જાય... સાંસ્કૃતિક નગરનો પ્રોત્સાહક બની જાય અને એક ગાંધીનગર - નેક ગાંધીનગર માટે પુરક બની જાય તો આપણું લાડકું નગર સોળે કળાએ ખીલી ઉઠશે..!"

"જય ગાંધીનગર"

- નિમિત્ત માત્ર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



પ્રથમ ઈમારત - પાટનગર ગાંધીનગરની પહેલી ઈંટ જ્યાં મુકાઈ હતી એ જગ્યા, એ બનેલી ઈમારતની આ તસવીર... જીઈબી ગેસ્ટ હાઉસ તરીકે ઓળખાતી આ ઈમારત પહેલા માર્ગ-મકાન વિભાગની કોલોની નંબર-૧ની હેડ ઓફીસ હતી... કાળક્રમે ઓળખ બદલાતી ગઈ... ૫૩ વર્ષ પહેલા મુકાયેલી ઈંટ નગર, મહાનગર અને સ્માર્ટ સીટીના દરજ્જા સાથે ફુલીફાલી રહી છે... એ ઈંટમાંથી બનેલું નગર એટલે આપણું ગાંધીનગર....

# આજે ગાંધીનગર શહેરના ૫૩મા જન્મદિવસની સાદગીપૂર્વક ઉજવણી

**ગુજરાતમાં અતિવૃષ્ટિમાં અવસાન પામેલા મૃત્કોને મૌન પાળી શ્રધ્ધાંજલી અપાશે : શહેર વસાહત મહામંડળ દ્વારા જી ઇ બી માં દિપ પ્રાગટ્ય કરી એક મિનિટ મૌન પાળવામાં આવશે : ઇન્ડીયન લાયન્સ દ્વારા પણ સે-૨૨ ગરબા મેદાનમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરના ૫૩ જન્મદિવસની આજે જી ઈ બી કોલોની ખાતે સવારે ૯ કલાકે કેક કાપ્યા વિના સાદગીપુર્વક ઉજવણી કરવામાં આવશે. આ તબકકે ગુજરાતમાં પુરની સ્થિતિમાં મૃત્યુ પામેલા સ્વજનોને મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પવામાં આવશે. જયારે નગરજનોને ઉપયોગી ટેલીફોન સુચિકાનુ પણ લોકાર્પણ કરવામાં આવશે. શહેર વસાહત મહામંડળ દ્વારા દર વર્ષની જેમ નગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તેવા જી ઈ બી કોલોનીના ગેસ્ટ હાઉસ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજાશે.

ગાંધીનગરના અસ્તિત્વને આજકાલ કરતા પાંચ દાયકાઓથી વધુ સમય વિતી ગયો. જંગલ વિસ્તાર સમા આ ગામનો તબક્કાવાર વિકાસ થયા બાદ હાલ સ્માર્ટ સીટી તરીકે ઉભરતા અનેકવિધ વિકાસ કામોના અંતે નગર હાઈટેક બનવાની દિશા તરફ છે. ત્યારે શહેરમાં હજુ પણ વર્ષો જુના વણઉકેલ્યા પ્રશ્નોને ન્યાય મળ્યો નથી. ત્યારે ગાંધીનગર શહેરની પ્રથમ ઈંટ જયાં મુકાઈ હતી તેવા જી ઈ બી કોલોનીના ગેસ્ટ હાઉસ ખાતે શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રતિવર્ષ જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે. જયારે દરવર્ષે મહામંડળ દ્વારા કેક કાપીને નગરને હેપ્પી બર્થ ડે ની શુભકામના પાઠવવામાં આવ છે. પરંતુ આ વર્ષે ગુજરાતમાં અતિવૃષ્ટી અને પુરની સ્થિતિના લીધે સર્જાયેલી તારાજીને ધ્યાને લઈ સાદગીપુર્વક ગાંધીનગરને હેપ્પી બર્થ ડે ની શુભેચ્છા પાઠવવામાં આવશે. કેક કાપવામાં આવશે નહીં. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ૯ વાગે દિપ પ્રાગ્ટય કરવામાં આવશે. જયારે આ તબક્કે અતિવૃષ્ટિમાં જે સ્વજનોને જીવ ગુમાવ્યો છે તેમને શ્રધ્ધાંજલી અર્પવા માટે એક મિનિટનુ મૌન પાળવામાં આવશે. ત્યારબાદ નગરજનોને ઉપયોગી થાય તેવી ટેલીફોન સુચિકાનુ પણ વિમોચન કરવામાં આવશે. જયારે છેલ્લા ૧૦ વર્ષમાં માર્ગ અકસ્માતનો ચિતાર દર્શાવતી નાની પુસ્તિકાનુ પણ વિમોચન કરવામાં આવશે. આ દરમિયાન વિધાનસભાના મહીલા

● અનુસંધાન પાન-૭ પર

# પાંચ દાયકાના અંતે પણ નગર પાટનગર દરજ્જાની સુવિધાઓથી વંચિત

**વિકાસના અનેકવિધ આયામો વચ્ચે સ્માર્ટ સીટીનુ સ્વપ્ન નિરખતા નગરને યોગ્ય રોડ નેટવર્ક વાહનવ્યવહાર ,રેલવે સહીતની સુવિધાઓ અન્ય રાજયોના પાટનગર સમકક્ષ મળી શકી નથી**

ગાંધીનગર તા ૧

શહેરના ૫૩ માં જન્મદિવસની ઉજવણીએ નગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરાયો છે. ત્યારે નગરની શુભચિંતક સંસ્થાઓ હરખાઈ છે. પરંતુ બીજીતરફ હાઈટેક બનતા નગરમાં જુના પ્રશ્નોને હજુ નિરાકરણની દિશા મળી નથી. ત્યારે સ્માર્ટ સીટીની સાથે પાટનગરના દરજ્જાને અનુરૂપ સુવિધાઓથી પણ નગર હજુ વંચિત હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૪૪૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે ત્યારે શહેરી જનજીવનને સ્પર્શતા અવનવી સવલતોની સાથે વર્ષો જુના પ્રશ્નોનુ સમાધાન પણ મળશે તેવી આશ નગરજનોમાં પ્રબળ બની છે. શહેરમાં પાંચ દાયકાના અંતે પણ વધતી વસતી અને વિકાસની સાપેક્ષમાં યોગ્ય વાહનવ્યવ્હાર ,રોડનેટવર્ક , સફાઈ તેમજ રેલવેની સુવિધાઓ પાટનગરની સમકક્ષ ઉપલબ્ધ થઈ નથી. જયારે પાટનગરના અસ્તિત્વ

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત સોલાર કેપીટલ સીટીનું સ્વપ્ન સાકાર થશે

**હાલ નગરમાં ૯.૯ મે.વો. સોલાર ઊર્જાનું ઉત્પાદન થાય છેં આ પ્રોજેક્ટ અંતર્ગત ૬.૬ મે.વો.વધુ ઉત્પાદન મેળવવાનું આયોજન : સ્માર્ટ રોડ પ્રોજેક્ટ અંતર્ગત કેનોવી પર સોલાર પેનલો ફીટ કરાશે**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર એ સોલાર કેપીટલ સીટી બને તેવુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શહેરના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે સેવેલ સ્વપ્નને સાકાર કરવાની ૫૦ ટકાથી વધુ કામગીરી સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત પૂર્ણ કરવામાં આવશે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગરમાં સ્માર્ટ રોડ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે. જેમાં અક્ષરધામથી ઘ-૬ થઈ ઘ-૪ સુધી વોકવેને કેનોવીથી કવર કરવાની બાબત છે. જેમાં કેનોવી પર સોલાર પાવર માટેની પેનલો ફીટ કરવામાં આવશે. રૂ. ૯૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ હાથ ધરવાના અંદાજો અત્યારે રાખવામાં આવ્યા છે.

શહેરમાં હાલ ૯.૯ મેગાવોટ સોલાર પાવર જનરેશન કરવામાં આવે છે અને આ કેનોવી પર સોલાર પેનલો ફીટ કરી ૬.૩૬ મે.વો. જેટલી વીજળી ઉત્પન્ન કરવાનું આયોજન વિચારાયુ છે. આમ ગાંધીનગર શહેરની કુલ વીજમાંગનો ૧૧.૩૩ ટકા વીજપુરવઠો માત્રને માત્ર સોલાર ઊર્જા થકી ઉત્પન્ન કરવામાં આવશે.

ગુજરાત સરકારે કરાવેલા એક અભ્યાસમાં ૪૫ મે.વો. સોલાર ઊર્જાનું ઉત્પાદન ગાંધીનગરમાં થઈ શકે છે તેવો શક્યતાદર્શી અહેવાલ હતો. આ પછી જીઈબી પાસે ૧ મે.વો. અને ૧ મે.વો.નું પાવરસ્ટેશન પીડીપીયુ પાસે સ્થાપવામાં આવેલ છે આ ઉપરાંત જુના સચિવાલયમાં પણ સોલાર ઊર્જાની પેનલોફીટ કરી ૧ થી ૮ બ્લોકમાં ઊર્જા મેળવવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેરમાં સોલાર ઊર્જાને પ્રોત્સાહિત કરવા સરકારે રૂફટોપ નીતિ પણ અમલી બનાવી છે. આમાંથી વિવિધ સરકારી કચેરીઓ અને ખાનગી વસાહતોમાં પણ સોલાર ઊર્જાની પેનલો લગાવવામાં આવેલ છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં કેનોવી ઉપરાંત સ્માર્ટ આંગણવાડીના ધાબા પર પણ પેનલો ફીટ કરવામાં આવનાર છે. તેમજ સ્માર્ટ બસ સ્ટોપ જે બનાવવામાં આવશે તેની છત પર પણ આ પેનલો લગાવવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે બધુ મળી ૧૫ મે.વો. થી પણ વધુ વીજળી સોલાર ઊર્જાથી મેળવવામાં આવનાર છે. આમ સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોલાર કેપીટલ સીટીના સેવેલ સ્વપ્નને સાકાર કરવાની દિશામાં તંત્ર આગામી દિવસોમાં આગળ વધશે.

# જિલ્લામાં ૩૦ હજાર નવા મતદારો નોંધાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન ૩૦ હજાર જેટલા નવા મતદારોએ તેમના નામ નોંધાવવા માટેના દાવા રજુ કર્યા છે જેની હવે તંત્ર દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવેલ છે.

**ત્રણ રવિવારની સઘન ઝુંબેશમાં ૨૫ હજારથી વધુ અરજીઓ મળી : ગાંધીનગર (દ)માં સૌથી વધુ ધસારો તો ગાંધીનગર (ઉ)માં સૌથી નબળો પ્રતિસાદ સાંપડ્યો**

પ્રાપ્ત થતી વિગતો મુજબ પંચ દ્વારા ત્રણ રવિવારે યોજવામાં આવેલ સઘન ઝુંબેશમાં જ ૨૫,૬૫૯ અરજીઓ નવા નામ નોંધાવવા માટે મળી હતી. જેમાં ૧૩ હજાર જેટલી અરજીઓ ૧૮ થી ૨૧ વર્ષની વય ધરાવતા યુવાનોની હતી જયારે ૧૨,૬૫૭ જેટલી અરજીઓ ૨૧ વર્ષથી વધુ વય ધરાવતા યુવાનોની હતી.

આ ઉપરાંત જિલ્લામાં રોજેરોજ મતદાર નોંધણી માટેની ચાલતી કામગીરી દરમ્યાન પણ ૪૫૦૦થી વધુ અરજીઓ મળી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૮ હજાર જેટલી અરજીઓ નામ કમી કરવા માટેની મળી છે જ્યારે ૨૧,૨૯૭ અરજીઓ કાર્ડમાં સુધારા-વધારા માટેની તંત્રને મળી છે.

તંત્ર દ્વારા હવે ચકાસણીની કામગીરી હાથ પર લેવામાં આવી છે. સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહ સુધીમાં આ ચકાસણીની કામગીરી પુરી કરાશે અને ૨૫મી સપ્ટેમ્બરના રોજ આખરી મતદારયાદી જાહેર થશે.

વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે પંચ દ્વારા ૧-૭-૧૭થી ૩૧-૭-૧૭ દરમ્યાન મતદારયાદી

● અનુસંધાન પાન-૭ પર

Happy Birthday to
Gandhinagar
ગાંધીનગરના સૌ વડીલ નગરજનોને
જન્મદિને
પ્રણામ... અને
યુવા સાથીઓને સલામ....
આવો કરીએ...
નવસર્જન ગુજરાત



ડો. હિમાંશુ વી. પટેલ (એડવોકેટ)
પ્રવક્તા : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
પૂર્વ ચેરમેન : ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક
પ્રભારી : મહેસાણા જિલ્લો, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
રહેઠાણ : મુ.પો. અડાલજ, તા. જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧
ઓફિસ : પ્લોટ નં. ૮૯૭/૧, એસ.ટી. ડેપોની સામે, સેક્ટર-૭/સી, ગાંધીનગર-૩૮૨૦૦૭
સંપર્ક : (મો) ૯૮૨૫૦ ૨૭૭૨૧, (રહે) ૦૭૯-૨૩૨૩૮૬૮૪, ૨૩૯૭૧૨૪૧
Website : himanshupatel.org, E-mail : hvpateladalaj@gmail.com
facebook:www.facebook.com/himanshupatel.adalaj
Blog:himanshuadalaj.blogspot.com

બનાસકાંઠાની વ્હારે
સંવેદનશીલ સરકાર





કુદરતી આપદામાં સ્વજનની જેમ
હુંફ આપનાર
શ્રી નરેન્દ્રભાઇ મોદી
પોતીકાપણાના ભાવ સાથે
તાત્કાલીક બનાસકાંઠાની વ્હારે આવ્યા
તથા
સતત પાંચ દિવસ બનાસકાંઠામાંથી સરકાર ચલાવી
ઝડપભેર પ્રજાલક્ષી નિર્ણયો કરવા બદલ તેમજ
આજે ૬૨ મા જન્મદિવસે
પ્રજાની વચ્ચે સતત સેવા વ્રત સાથે સક્રિય
મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને
સૌ બનાસવાસીઓ તરફથી
જન્મદિનની હાર્દિક શુભકામનાઓ...
આપણી ડેરી - બનાસ ડેરી

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com